નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઇ–સામયિક)

નવેમ્બર– ૨૦૧૨

વર્ષ – ૧   અંક – ૫

સુરેશ દલાલ સ્મૃતિવિશેષાંક



તંત્રી - સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે, સાહિલ, શશિકાંત ભટ્ટ 'શૈશવ' જિતુ પુરોહિત

આ અંકના સુશોભન ફોટોગ્રાફર : જિતુ પુરોહિત અક્ષરાંકન : ભૂલોક દવે લેઆઉટ : યોગેશ વૈદ્ય
ટેકનિકલ સહયોગ : હાર્દિક ભટ્ટ, દિનેશ વાઘેલા

o 'નિસ્યંદન' વિષે

o મૂળત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા / અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે
o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા.
o નિસ્યંદન' આપના ઇ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો - બ્લોગ http://mryogi62.blogspot.com પર જઈ જરૂરી કડીઓ અંતર્ગત 'નિસ્યંદન' વિષયક પ્રથમ કડી પર ક્લિક કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી submit કરો
o આપના સાહિત્યકાર મિત્રો/કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા નમ્ર વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્ય રચનાઓ તથા કાવ્ય અનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.
o *અપ્રગટ રચનાઓ જ મોકલશો .બ્લોગ/વેબસાઇટ પર મુકેલ પ્રગટ રચનાઓ મોકલવી નહિ .*
o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃતાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)
o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.
o 'નિસ્યંદન' ના સુશોભન / મુખપૃષ્ઠ માટે આપના દ્વારા પડાયેલ સુંદર ફોટોગ્રાફ/ચિત્રો.
o પુસ્તક પરિચય માટે – પુસ્તકની એક નકલ.
o *'નિસ્યંદન'મા પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ /લેખકની રહે છે.*
o કૃતિ ના સ્વીકાર/અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઇ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ ઠેકાણાં :

o ટપાલી દ્વારા – યોગેશ વૈદ્ય, 'હ્રદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ. ૩૬૨૨૬૫ - (ગુજરાત). ભારત.
o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com
o બ્લોગ પર http://mryogi62.blogspot.com
http://yogesh-vaidya.blogspot.com

* અનુક્રમ *



o સંપાદકીય

સુરેશ દલાલ ગયા ત્યારે 'નિસ્યંદન'ના સપ્ટેમ્બરના અંકના પ્રકાશનની તૈયારી આખરી તબક્કામાં હતી. દિવંગત કવિઓને શ્રદ્ધાંજલિ આપવી એ 'નિસ્યંદન'ની પરંપરા.('નિસ્યંદન'ના સયક્લોસ્ટાઈલ અવતારમાં ઉમાશંકર જોષી , નાઝિર દેખૈયા વગેરેના સ્મૃતિવિશેષાંકો થયા છે.) આ પરંપરાને જાળવતા આ સુરેશ દલાલ સ્મૃતિવિશેષાંક થઈ રહ્યો છે.

હું સુરેશ દલાલને રૂબરૂ ક્યારેય મળ્યો નથી. તેમની લગભગ છ દાયકાની સર્જનયાત્રાના કેટલાક મહત્ત્વના પડાવ- વળાંકોને સ્પર્શવાનું થયું છે. તેમના વિષે જે કંઈ લખાયું / કહેવાયું તેમાંનું ઘણું જોઈ જવાયું. મારા જન્મ પહેલાંથી શરૂ થયેલી તેમની સર્જનયાત્રાના જેટલા રોમાંચક વળાંકોનો મોમેળાપ મને આ દરમિયાન થયો છે તેને એક સંપાદક તરીકે અહીં મૂકી આપવાનો પ્રયાસ છે. અહીં જે છે તે તેમનું શ્રેષ્ઠ છે, સમગ્રની છબીરૂપ છે તેમ નહીં પણ જે ગમ્યું છે તે અહીં છે.

વ્યક્તિ સુરેશ દલાલ વિષે જે પમાયું અને મિત્રો સાથે ફોન પર લાંબીલાંબી વાતો કરી જણાયું તેમાથી એક શબ્દ-પિંડ બન્યો. આ શબ્દપિંડને નીતરવા દઈને આજે જોઉં છું તો મને જે સુરેશ દલાલ મળે છે તે કંઈક આવા છે --

- એક પ્રસિદ્ધ અને પ્રખર વ્યક્તિત્વ જેણે જીવનને 'જલસા' કરાવ્યા. હકારાત્મક અભિગમનું એક જબરું પાવરહાઉસ. એક ખેવનાના માણસ – જેમણે વ્યક્તિઓ ,સંબંધો અને ખાસ કવિતાની (પછી તે ગમ્મે તે ભાષાની હોય !) ખેવના કરી. ગુજરાતી ભાષાના એક મહત્ત્વના P.R.O. . કવિતાને એક પરફોર્મિંગ આર્ટનો દરજ્જો અપાવવા માટે Professional અભિગમ સાથે કામ કરનાર એક મહત્ત્વના વ્યક્તિ. પોતે પણ એક Perfect Presenter. જેને જાણ્યું, જે યોગ્ય લાગ્યું તેને જ સ્વીકાર્યું અને તેને જ ઝળાહળા સુધી આગળ કર્યું. (બીજાઓના અભિપ્રાયને અવગણીને પણ !) સતત પ્રવૃત્ત રહેતા સુંદર કવિ/સાહિત્યકાર, પ્રખર વક્તા, સફળ સંપાદક, દૃષ્ટિવાન પ્રકાશક/સંકલનકર્તા, પ્રગતિશીલ પત્રકાર અને સરળ શિક્ષક -

--આ છે વિવિધ માધ્યમો દ્વારા મારા સુધી પહોંચેલું અને સ્વબળે સ્પષ્ટ થતું સુરેશભાઈનું વ્યક્તિત્વ.

તેમને હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ.

યોગેશ વૈદ્ય

તારીખ : ૦૧ .૧૧ ૨૦૧૨.

ગીત

ટહુકે છે પાંદડાનો રંગ !
ઝાડ,પ્હાડ,ખીણ ઉપર રેલાતો ફેલાતો આભનો આ અલ્લડ ઉમંગ !

મારગની માટી પર ચીતરે છે લ્હેરખી
            પરિમલનું રણઝણતું રૂપ :
એને જોવાને અહીં થંભ્યો છે કાળ
      જરી ઊડતી આંખોને કરી ચૂપ.
કેસરિયા પાઘ પ્હેરી આફેડો આવશે વનમાં વરણાગી વસંત !

ચાંદનીને   હિંડોળે   ઝૂલે જોબન :
      વહી ઝકળના દર્પણથી વાત ;
ખીલેલી કુંજમાં લજ્જા ને લાડનાં
      પંખીઓ   પજવે   મધરાત.
રાધાની રીસ તણા ભાલ ઉપર વિલસે છે મોરલીના સૂરનો મયંક !



ગીત



આ દિવસ ઢળ્યો ને સાંજ પડી ને રાત થઈ સૂમસામ ;
પળપળની આ વાટ વિકટ કે નિકટ નહીં ઘનશ્યામ !

આ કદમ્બ ઊભા રહી શકે:
આ જમુનાજલ તો વહી શકે:

આ ખાલી ગાગર ઝૂરે: કાંઠા ઊભા રહ્યા નિષ્કામ
પળપળની આ વાટ વિકટ કે નિકટ નહીં ઘનશ્યામ !

અંધકારને   અંગે   ઓઢી:
ફૂલ-પાનની પાંપણ પોઢી:

પણ આ નયણાં નીંદવિહોણાં રટે પિયા તવ નામ ;
પળપળની આ વાટ વિકટ કે નિકટ નહીં ઘનશ્યામ !

અવળાના દવલા સંગાથ



સાજનની શેરી મને સાંકડી લાગે છે
અને વાંકડી લાગે છે એની વાટ :
આંખડી આ ઘડીઘડી દોડીદોડી જાય :
અલી ! દરશનના આવા વલોપાત ?

ઠાવકાં ઠરેલ જરા થઈએ લોચનિયાં
ને બાવરાં બળેલ નહીં રહીએ :
તળિયાના વ્હેણને આટલી ઉતાવળથી
વ્હેવાનું કોઈ દી ના કહીએ ,

તમે આંસુમાં અંતરને તરતું ના મેલો :
આ તો અવળાના દવલા સંગાથ !

મધરાતે મધરાતે ચાંદનીની લૂ : વળી
લૂની લાગે છે લ્હાય કાળી :
એક એક બુંદમાં આખા તે આભની
વેદનાને વસમી ઓગાળી.

વનના વેરાનમાં આથડતા આયખાને
કેવો હિંડોળો ? કેવી ખાટ !



ઇજન

આંખ્યુંના આંજણમાં ફાગણનો કેફ અને અંબોડે કેસૂડો લાલ ;
રંગ ને સુગંધના સરવરિયે સંગસંગ સાંવરિયા રમવાને ચાલ !

આવતા ને જાતા આ વરણાગી વાયરાએ મચવ્યાં છે ઝાઝાં તોફાન ;
ભૂલીને ભાન ભંવર ભમતો ભમે છે આજ પુષ્પોના અમરતને પાન.
આંબલિયે બજવે છે કોકિલ બાંસુરિયાં અંતરને ઊંડે ઉછાળ ;
રંગ ને સુગંધના સરવરિયે સંગસંગ સાંવરિયા રમવાને ચાલ !

લૂમઝૂમતી મંજરીની હરિયાળી મ્હેક મારી મબલખ જગાવે છે ઝંખના ;
નજરુંને હેરીને જોયું જરીક : કેવાં ઊંડે પતંગિયાં અજંપનાં !!
થઈને ગુલાલ આજ રંગે ધરાની ધૂળ વાયરાના રેશમી રૂમાલ ;
રંગ ને સુગંધના સરવરિયે સંગસંગ સાંવરિયા રમવાને ચાલ !

ગીત

મોર હવે મોરપિચ્છ માગે ઉધાર
અને શ્યામ માગે વાંસળી ભાડે
ત્રાજવાના તોલને માટે આ દેડકાંઓ
એવાં અરે ચડ્યાં છે રવાડે.....
કે ભાઈ મારા!
ઘુવડ ગોગલ્સ પહેરે છે ધોળે દહાડે.

મીરાંનો પ્રેમ હવે રેકૉર્ડ પર ઘૂમતો
ને કેસેટમાં ઘૂઘરા વાગે.
નીંદ ન આવે તો વેલિયમ લઈ ને
રાધા હવે ઊંઘતી જાગે.
કે ભાઈ મારા!
કાનુડાને નાથ્યો છે રબ્બરના નાગે.

કોયલના કંઠને માણવાને માટે
હવે પ્લાસ્ટિકનાં કાન પ્હેરે કાગડા.
ભેંસ અને આખલાને ડાયાબિટીસ
અને ગાય લિયે વાયદા ને આંકડા.
કે ભાઈ મારા!
Mornig walk લિયે છે બાંકડા.

દૂધના કટોરામાં દારૂ પીધો
ને એશ-ટ્રેમાં ગોઠવ્યાં છે ફૂલ;
Sorry કહીને અમે શણગારી દઈએ
નફ્ફટ ને નઠ્ઠારી ભૂલ.
કે ભાઈ મારા!
અમને તો સગવડિયું બધ્ધું કબૂલ





ગીત

શ્યામ, તમને ડિસ્કોમાં જોયાનું યાદ છે
C.C.I. Oberoi એમાં જે joy મળે
યમુનાનો ઘાટ શી વિસાત છે?

રાધાનો પ્રેમ એ તો જૂનું ખરજવું :
એક એક ગોપીઓ નવ્વી નક્કોર !
શાને જઈ મીરાંને ઘૂંઘટમાં મળવું :
નફ્ફટ અજવાળામાં રાતે બપ્પોર.
શ્યામ! તમને જીનમાં જોયાનું જરી યાદ છે !
જરીપુરાણાં થયાં મોર મુગટ પીતાંબર :
વાંસળીનો ખુલ્લો આપઘાત છે.

ઢોલીના ઢોલમાં સૂરની આ લાશ તરે :
ઘુવડ આનંદની કરે કિકિયારી.
કોયલ તો લયના કૂબામાં લપાઈ ગઈ :
માના ગાન તાનની પાન પિચકારી
શ્યામ મારો ક્લબના કદંબમાં રળિયાત છે
શ્યામ મારો ક્લબના ક-દંભમાં રળિયાત છે

લીલા તારી

તારું પ્હેલું રુદન સ્મિતની છોળ થૈને છવાયું !
ચ્હેરોમ્હોરો, ધવલ તન ને ઓષ્ઠની પાંદડીઓ ;
બિડાયેલાં નયન નમણાં ; પોપચાંની સુવાસ;
તારા પ્હેલા પરિચય થકી અંતરે લાગણી શી !
જાણે મારું બચપણ અહીં પારણમાં પધાર્યું !
ઓચિંતાનું વદન ભરીને હાસ્ય તારું સુહાય,
ને તું વ્હેતા પવન મહીં શા પાય તારા ઉછાળે;
આક્રન્દોથી પલકભરમાં ખંડ ક્યારેક ગાજે
આશંકાનાં મનગગનમાં વાદળાંઓ છવાય !

ટીકીટીકી કશી નીરખતી શ્યામળી કીકીઓ બે;
કાલીઘેલી કદીક સરતી વાણી તારી અગમ્ય.
(લીલા તારી અભિનવ નિહાળી થતાં નેણ ધન્ય !)

ધીમેધીમે ડગ લથડતાં ધારતાં સ્થૈર્ય તેમાં
જોઉં છું હું નજર ભરીને મ્હાલતું ભાવિ મારું !





ગીત

સૃષ્ટિના આ શ્વાસ ને તમે સાંભળી શકો
- એટલો ગહન પ્રાન્ત ;
મન આ મારું નીરવનીરવ
- જાણે મન નથી એમ શાન્ત!

ટહુક્યું કોઈ સવાર થઈ, રાત થઈને મહેક્યું;-
નીંદરની પારનો દેશ : એમાં એક સમણું છે વણદેખ્યું.
ખુલ્લી આંખે ક્યાંય ન ડહોળાય સમણું
એવું અહીંયાં કોણે જાળવ્યું આ એકાન્ત?

ઘાસમાં પેસી થાય લીલોછમ કાચીંડો
ને તોય પાછો એ સાવ કોરો ને કોરો ;
સહુની સાથે હળતોમળતો, તોય અજાણ્યા સાંઈની સાથે
જાય પરોવાઈ ઝીણો મારો દોરો.

નામના મારા પાટિયામાં હું વસતો રહું –
એટલો નથી ભ્રાન્ત ;
સૃષ્ટિના આ શ્વાસ ને તમે સાંભળી શકો
-એટલો ગહન પ્રાન્ત ;

ચંદ્રોદય

લીલમલીલાં પાંદ વૃક્ષનાં તટ પર રહી નિહાળે :
આભે ઊગ્યો ચાંદ : પુરાયો જળની રેશમજાળે !

ભલે પાતળી પાંદડીઓ પણ
કોણ લપેટે સાડી ?
મલયસમીરને પડખે ફોરમ
હરખે પાંખ ઉઘાડી ;
નીલનીલ વાદળની મખમલ ઓઢી પાંપણ ઢાળે :
આભે ઊગ્યો ચાંદ : પુરાયો જળની રેશમજાળે !

અનંતને ચૂમી   લેવાને
પળના મુખને ઝાલ્યું :
ઝાકળનું   એક   બુંદ
નેણથી ઝર્યું : હવામાં મ્હાલ્યું.
અહો ! ધરાનું મૌન ગગનના ગૌરવને અજવાળે !
આભે ઊગ્યો ચાંદ : પુરાયો જળની રેશમજાળે !

બધા સંબંધોનું સ્વરૂપ કથળી જાય ગરવું:
ક્ષણોના ભાંગેલા પરિચય લઈને રઝળવું !

અનુભૂતિ

લીલ લપાઈ બેઠી જળને તળિયે :
સૂર્યકિરણને એમ થયું કે લાવ જઈને મળિયે !

કંપ્યું જળનું રેશમ પોત ;
કિરણ તો ઝૂક્યું થઈ કપોત
વિધવિધ સ્વરની રમણા જંપી નીરવની વાંસળીએ !

હળવે ઊતરે આખું વ્યોમ ;
નેણને અણજાણી આ ભોમ
લખ લખ હીરા ઝળકે ભીનાં તૃણ તણી આંગળીએ !



ગીત

નજરુંના કાંટાની ભૂલ મારા વ્હાલમા;
વીંધે હૈયું ને તોય ફૂલ મારા વ્હાલમા!

રાતનો અંધાર મને લાગે છે ઊજળો,
તારો તે સંગ: ઊને પ્હોર જાણે પીપળો;
વેણુના વ્હેણ માંહી ડૂલ મારા વ્હાલમા;
વીંધે હૈયું ને તોય ફૂલ મારા વ્હાલમા!

એકલીને આંહી બધું લાગે અળખામણું,
તારે ને રંગ, ભલા ટહુકે સોહામણું,
તું જે કહે તે કબૂલ મારા વ્હાલમા;
વીંધે હૈયું ને તોય ફૂલ મારા વ્હાલમા!



તારીખનું ઘર

રંગ રંગના કાગળિયાંની કચ્ચર કચ્ચર ઊડે
ઊડે આસપાસ
ને શ્વાસશ્વાસમાં બૂડે-
શૈશવના એ દિવસો મારા;
પ્રકાશમાં ક્યાં ગયા પીગળી નાનાનાના તેજલ તારા?
કેલેન્ડરની તારીખનું આ ઘર,--
એમાં મારી
અને અમારી
આમતેમ
ને તેમ આમ
ને કેમ આમ
ને પ્રેમ આમની થઈ રહી હરફર :
તારીખનાં એ કાગળિયાંની કચ્ચર કચ્ચર
ઊડે
ઊડે આસપાસ
ને શ્વાસશ્વાસમાં બૂડે-
યૌવનના આ દિવસો મારા;
બપોરના સૂરજને માટે અંધકારનાં પાણી
ખારાં !
પીળાં પીળાં ખરી ગયેલાં
પાન પાનનો ચૂંથાઈ ગયેલો માળો :
એમાં મારો
અને તમારો
આમતેમ
ને તેમ આમ
ને કેમ આમ ?
-ને કેમ આમ ?
-પણ રઝળી રહ્યો બુઢાપો :
બેવડ વાંકા વળી જતાને, ઢળી જતાને કેમ કરીને ઝાલો ?
ઝાલો કેમ કરી ?
જ્યાં
ધોળી, ભૂરી, ઊની ઊની રાખ પવનમાં ઊડે
ઊડે આસપાસ
ને શ્વાસ શ્વાસમાં બૂડે
મરણ પછીના દિવસો મારા :
મરણ પછીની રાતે
એક અભાગી,
સૂનકારને સૂકી આંખે કાંતે :
-મારા મરણ પછીની રાતે !



અકારણ

કોઈને નહીં કારણ ક્હેવાં, પૂછવું નહીં કેમ ?
પળના અનંત મારગ ઉપર વેરતા જવો પ્રેમ !
કોઈનાં કમાડ ખોલવાં
ખોલી નાખવી કોઈની બારી;
આછા સ્મિતે ઘૂંટી લેવી
કોઈ વ્યથા અણધારી
આપણે તો અહીં તરતા રહેવું માછલીઓની જેમ;
કોઈને નહીં કારણ કહેવાં, પૂછવું નહીં કેમ ?
કોઈનું પગલું લૂછ્યા વિના
આપણો ખૂલે પંથ :
કોઈ થાકેલા વૃક્ષને મળે
હવા જેવો સ્કંધ.
આપણે જાણે આપણાં નહીં અહીંયા રહેવું એમ;
કોઈને નહીં કારણ કહેવાં, પૂછવું નહી કેમ ?



એવો એનો ફ્લેટ

એક મકાન હતું. મકાનનો રંગ પીળો હતો. માણસના રંગ જેવો જ.
મકાનને અને માણસને સ્ક્વેર-ફૂટનો નાતો હતો, માણસને બીજા માણસ સાથે હોય છે એવો જ.
એક મકાનને ફ્લેટ હતા. કોઈક નાના, કોઈક મોટા, - જૂના જમાનામાં રાજાને કુંવર હોય એવા. બે રૂમ અને કિચનનો ત્રિકોણ હતો, ટૂથબ્રશ જેવી બાલ્કની હતી અને હાથ સાંકડા કરીને ટૂવાલથી શરીર લૂછી શકો એટલો મોટો બાથરૂમ હતો.
બાથરૂમ ભયો ભયો, બાથરૂમ જિયો જિયો, જિયો જિયો, ભયો ભયો !
ભયો ભયો, જિયો જિયો !

- પછી તો ન પૂછો વાત. રાત ને દિવસ, દિવસને રાત લીલાલહેર, લીલાલહેર. ઘેર ઘેર લીલાલહેર.
એક ફ્લેટમાં એક બાબો હતો, એક બેબી હતી. બાબો કૉન્વેન્ટમાં જાય. બેબી કૉન્વેન્ટમાં જાય.
બન્ને જણ 'જેક એન્ડ જિલ, વેન્ટ અપ ધ હિલ' – એવું એવું ગાય કે પૂછો નહીં વાત.
'હિકરી ડિકરી ડૉક.' રાતને દિવસ, દિવસને રાત, જોકમજોક. રામાયણનો પાઠ અંગ્રેજીમાં વાંચે
અને બોલે ' રામા લિવ્ડ ઈન અ ફોરેસ્ટ !' મા રાજી થાય, બાપ રાજી થાય.
બહુ રાજી રાજી થાય એટલે લિફ્ટમાં આવે ને લિફ્ટમાં જાય.

એક દિવસતો ગજબ થઈ. અજબ થઈ, ભઈ, ગજબ થઈ. બાબાએ પૂછ્યું :"મમ્મી, જેક એન્ડ જિલ હિલ પર કેવી રીતે ગયાં ? લિફ્ટમાં ગયા, મમ્મી ? મમ્મી હિલ પર જવા માટેની લિફ્ટ કેવી હોય ? "

મમ્મીએ તરત ઑફિસમાં ફોન કર્યો અને કહ્યું કે આપણો બાબો હોશિયાર છે. કેવા બેફલ કરે એવા ક્વેશ્ચન્સ પૂછે છે. સ્માર્ટ અને નૉટી બૉય છે.

પડોશીને ફોન કરીને કહ્યું કે બાબાએ તે કંઈ સવાલ પૂછ્યો છે. સવાલ તે કંઈ સવાલ પૂછ્યો છે !
પાડોશીએ કહ્યું કે હવેનાં છોકરાની તો વાત જ જવા દો. મારી બેબી શું સરસ રીતે કૃષ્ણ ભગવાનની વાત કરે છે. કહે છે કે કૃષ્ણનો રંગ તો ડાર્ક હતો. એને બટર બહુ ભાવે. ફ્રીજ ખોલ-બંધ કરે અને બટર લઈ લે. બૉલથી રમ્યા જ કરે. એક દિવસ બૉલ રિવરમાં પડ્યો તે નાગની વાઈફે પછી બૉલને અને લૉર્ડ કૃષ્ણાને બચાવી લીધા. શું સ્માર્ટ જનરેશન છે !
જનરેશન ભયો ભયો, જનરેશન જિયો જિયો, જિયો જિયો, ભયો ભયો !
ભયો ભયો, જિયો જિયો !

એક એક મકાનમાં હોય છે ફ્લેટ, જેવું જેનું ગજવું, જેવું જેનું પેટ-એક એક મકાનમાં ફ્લેટમફ્લેટ.
કોઈને ત્યાં ડૉગ, કોઈને ત્યાં કેટ. બધું જ પાળેલું. બારી પર પડદા પાળીએ. બાલ્કનીમાં, ટેરેસમાં ઝાડ પાળીએ ,પાન પાળીએ. ભગવાન પણ પાળેલા. ગોખલામાં પંપાળેલા. ડ્રૉઈંગરૂમનો ખૂણેખૂણો, કેવો ભરેલો, ક્યાંય ન ઊણો, વૉલ ટુ વૉલ કાર્પેટ, જેવું જેનું ગજવું, જેવું જેનું પેટ. એક એક મકાનમાં ફ્લેટમફ્લેટ.


બેડરૂમમાં કોસ્મેટિક્સ, મિરર, નાઈટી, સ્લિપર, સ્લીપિંગ-પિલ્સ, કોન્ટ્રાસેપ્ટિવ્ઝ, પ્લેબૉય, પેઈન્ટિંગ, મ્યુઝિક, ઝીંકાઝીંક, લમણાઝીક, માથાઝીક. આર્ગ્યુમેન્ટસ, સામસામા માંડ્યા કેમ્પ્સ; અમે ડ્રોઈંગ રૂમમાં હસીએ, અમે બેડરૂમમાં ભસીએ.
પાળેલો ડૉગ, પાળેલી કેટ; એક એક મકાનમાં ફ્લેટમફ્લેટ. જેવું જેનું ગજવું, જેવું જેનું પેટ. ધિસ એન્ડ ધેટ, ધેટ એન્ડ ધિસ, કિસમકિસ, ભીંસમભીંસ, ધિસ એન્ડ ધેટ. લેફ્ટ, રાઈટ, રાઈટ, લેફ્ટ.

લંચ, ડિનર, પાર્ટી, રિસેપ્શન્સ, પિકનિક, ફિલ્મ્સ, ડ્રામા,
-રામા લિવ્ઠ ઈન અ ફોરેસ્ટ

કોઇકને ત્યાં જવું હોય તો પૂછીને જવાનું, શોકસભામાં જવું હોય તો આંખ લૂછીને જવાનું,
બધું જ ક્રમ પ્રમાણે,બધું જ નિયમ પ્રમાણે,બધું જ પ્રમાણે પ્રમાણે. મોટેથી હસાય નહીં. છીંક ખાવાની
અને 'એક્સ્ક્યૂઝ મી' બોલવાનું. પાસે રાખવાના ફિક્કા ફિક્કા-ત્રણ- ચાર સિક્કા.'થેંકયુ, સોરી, હેપી ટુ સી યુ, યુ. યુ. આઈ યુ.
વિઝિટિંગ કાર્ડ, ફોન નંબર, એપોઈન્ટમેન્ટ, વાતવાતમાં સ્ટેડિયમ, વાતવાતમાં ક્રિકેટ, સિગારેટ. જેવું જેનું ગજવું, જેવું
જેનું પેટ, એવો એનો ફ્લેટ. ફ્લેટ ભયો ભયો, ફ્લેટ જિયો જિયો. ભયો ભયો,
જિયો જિયો ! જિયો જિયો, ભયો ભયો !

ફિયાટ ને એમ્બેસેડર, ઑબેરોય અને શમિયણા, દિલ્હી અને દાર્જિલિંગ,
વ્હિસ્કી સાથે કાજુ ને શીંગ, ટાઈપિન, કફલિંક. હિલ્સ ને પિલ્સ.
આંખોમાં ગ્રિલ્સ. અમને સમારંભોની હોંશ, અમને વ્હિસ્કીમાં સંતોષ, ક્યાંય નહીં હોય અમારો દોષ; અમે ડ્રૉઈંગરૂમમાં હસીએ,
અમે બેડરૂમમાં ભસીએ. આજે બૈરૂત, કાલે તિબેટ, આખું જીવન જમ્બોજેટ. જેવું જેનું ગજવું એવો એનો ફ્લેટ. મકાન જિયો
જિયો, પીળો રંગ જિયો જિયો, માણસ ખાલી ખાલી, સ્ક્વેર-ફીટ ભયો ભયો.

એક મકાન હતું. મકાનને અને માણસને સ્ક્વેર-ફૂટનો નાતો હતો,
સમજ નથી પડતી કે માણસ રોતો હતો કે માણસ ગાતો હતો.



રાતરાણી ને સૂરજમુખી

રાતરાણીએ મીંચ્યાં લોચન : સૂરજમુખીએ ખોલ્યાં :
સૌરભભીનો સૂર લઈ ને વનપંખીઓ બોલ્યાં !

કાજળનો દૂર કરી કામળો
જાગી ઊઠ્યા પ્હાડ ;
પડછાયા લઈ પોઢ્યાં'તાં એ
પ્રગટી ઊઠ્યાં ઝાડ.
સમણાંનાં આ બુંદબુંદને પાંદડીઓએ ઢોળ્યાં :
રાતરાણીએ મીંચ્યાં લોચન :સૂરજમુખીએ ખોલ્યાં :

અંધકારનો દરિયો ડૂબ્યો
કિરણકિરણના કાંટા;
દરિયારણને કાંઠે સમણાં
વમળ વિષે અટવાતાં.
આંસુ ને સ્મિતના સરવરમાં નયનકમળ આ કોળ્યાં :
રાતરાણીએ મીંચ્યાં લોચન : સૂરજમુખીએ ખોલ્યાં :

મારી સૌથી કરુણ સ્મૃતિ તે હાથમાં રહી ગયેલી દોરી અને ગુમાઇ ગયેલો ભમરડો. ….



મને એ પ્રસંગ બરાબર યાદ છે. હું નાનો હતો ત્યારે મારે મોસાળ થાણા જતો. બહુ મોટો બંગલો હતો. એ બંગલાની સાથે ખૂબ મોટો બગીચો હતો. એમાં હજી પણ મને યાદ છે કે ચીકુનું ઝાડ ક્યાં હતું, ફૂવો ક્યાં હતો, બીજાં બધાં વૃક્ષો ક્યાં હતાં. એ બંગલાના પ્રવેશદ્વારમાં આરસના બે સિંહ હતા ને હું નાનો હતો ત્યારે એ આરસના સિંહ જોડે વાતો કર્યા કરતો.સામાન્ય રીતે હું મારા મામાના છોકરાઓ જોડે રમ્યા કરતો હોઉં અને છતાં એ વખતે પણ હું મારું એકાંત શોધીને એ આરસના સિંહ જોડે વાતો કર્યા કરતો હોઉં. એ સમયે, બહુ જ નાનો હતો ત્યારે, અચાનક મારો ભમરડો ગુમાઇ ગયો અને મારા હાથમાં દોરી રહી ગઇ, અને એ ગુમાયેલો ભમરડો મેં આખા બગીચામાં બધે શોધ્યો પણ એ ક્યાંય કરતાં ક્યાંય ન મળ્યો અને તે વખતે હું જેટલો દુ:ખી થયો છું, એટલો ક્યારેય દુ:ખી નથી થયો. અને આજે પણ જ્યારે કોઇ વ્યક્તિ જાય છે, કે વસ્તુ જાય છે, ત્યારે પેલી હાથમાં રહી ગયેલી દોરી યાદ આવે છે. એક sense of loss જીવનમાં મેં પહેલી વાર અનુભવ્યો હોય તો તે વખતે. અને એ sense of lossની લાગણી એટલી બધી તીવ્ર છે કે ક્યાંક મારી વાર્તામાં ભમરડાની વાત મેં મૂકી છે. અને મારી સૌથી કરુણ સ્મૃતિ તે હાથમાં રહી ગયેલી દોરી અને ગુમાઇ ગયેલો ભમરડો. **સુ.દ.**

મુંબઈ એટલે…

મુંબઈનાં પરાંના કેટલાક રસ્તાઓ રેઈનકોટ પહેરેલી છોકરીઓ જેવા એકસરખાં જ લાગશે. પરાની ગાડીમાં માણસ લટકીને ટકી રહે છે. પત્તાની રમત અને ભજનમંડળી પરથી પણ લોકલ ઓળખાઈ જાય છે. ઊભા રહેવાની જગ્યા ન હોય તો પણ માણસ હાથ પહોળા કરીને છાપું વાંચવામાં પાવરધો થઈ ગયો છે. સિનેમાનાં ગીતો એ કૉલેજિયનોનો જ ઇજારો નથી પણ મુંબઈના ભિખારીઓ પણ પોતાની બાપીકી મિલકત હોય એમ ગાતા હોય છે.

****

મુંબઈના માણસોની જેમ મુંબઈના વરસાદનું પણ ઠેકાણું નથી. ઓચિંતા બંધાતા અને ઝડપથી વિકસતા તથા અચાનક તૂટી જતા સંબંધની જેમ મુંબઈનો વરસાદ સંબંધ બાંધે છે પણ ખરો અને પછી છત્રી લઈને નીકળીએ ત્યારે સાવ કોરોધાકોર થઈ જાય છે. હાથમાં મરેલા ઉંદર જેવા 'પોર્ટફોલિયો' સાથે દોડતા માણસનું દૃષ્ય જોવા જેવું છે. આ દૃષ્ય ક્યારેય અદ્રષ્ય થવાનું નથી. એટલે જ્યારે ફુરસદ મળે ત્યારે જોઈ શકશો.

****

અહીં સાંજે ધાર્મિક પ્રવચનો પણ ચાલે છે. અને સાંજ ઢળ્યા પછી નાઈટક્લબો ! નાઈટક્લબનો માણસ પ્રવચનમાં પણ મળે છે. અને ખુદ ધાર્મિક પ્રવચનકાર પણ નાઈટક્લબમાં મળી જાય તો એને જીવનની સ્વાભાવિકતા તરીકે સ્વીકારી લેવાની આપણી તૈયારી હોવી જોઈએ. ન્યાત ભૂંસાતી જાય છે અને જાતજાતની ક્લબની નાતા વિનાની નવી નાત ઊભી થાય છે.

****

રાતોરાત પૈસાદાર થયેલા માણસો ગર્ભશ્રીમંતો રહે એ વિસ્તારોમાં રહેવા જાય છે. 'દેશી હાર્મોનિયમ પર વિલાયતી સંગીત' અહીં વાગતું હોય છે અને છોકરાંનાં બાળોતિયાં 'ઈન્ટરનેશનલ ફ્લેગ્સ ' હોય એમ બહાર સુકાતાં હોય છે. **સુ.દ.**

આઇડ કાર્તાહેના પોર્ટાલાતીન (૧૯૧૮-૧૯૯૪)

વિશ્વના અનેક ટાપુઓ પર થયું છે તેમ ડૉમનિકન રિપબ્લીક પણ સરમુખત્યારોની કરડી નજર હેઠળથી પસાર થયેલો દેશ છે. જ્યાં દરેક માણસની હયાતીને , એમના સંબંધોની હયાતીને ,સતત ભય વળગેલો રહે છે , પરિણામે ચહેરા ઢાંકી દેવા પડે છે.વેદના તો સર્જકને ભાગે આવે છેઃ ઊંડા મૂળ નાખી બેઠેલું , જાતે જ પોતાના શબ્દ પર લાદવું પડેલું નિયંત્રણ.

ડૉમિનિક્સમાં આવી પરિસ્થિતિમાં ઉછરી લખતી આઈડના મનોજગતમાં એની ઘટ્ટ લાગણી ઘર કરી ગઈ હતી.આ અને આવાં સર્જકો પોતાને અને સાહિત્યપ્રવૃત્તિને ગુપ્તતાના અનેક સ્તરે રહી, હસ્તિદંત -ચાવવા દેખાડવાના જુદા.-રીતિએ કાર્યરત રાખવી પડતી હતી.જેમાં વિભાજન તથા સરરિયાલિઝમ , અતિશયોક્તિ અને દ્વિઅર્થી જેવી શૈલી વપરાશમાં હતી.

દક્ષિણ અમેરિકાની ૨૦મી સદીની કવયિ ત્રીએ લગભગ ૧૯૪૦ની આસપાસમાં ડૉમિનિકન કવિઓના Poesia sorprendidaa ગ્રુપના ભાગ તરીકે પ્રસિદ્ધ થવાનું શરૂ કર્યું હતું-

એ દર્શાવવા કે કાવ્યો અણચિંત્યા (લયની સંજ્ઞા subito સંદર્ભે) અને વિસ્મયકારી છે. આ ગ્રુપ પર આંન્દ્રે બ્રેંતોની અસર પ્રવર્તમાન હતી. ત્યારબાદ ૧૯૮૦ પછી ફરી સર્જ કો એવી જ પરિસ્થિતિમાંથી વિવિધ સરમુખત્યારોના પ્રભાવ હેઠળ લખતા રહ્યા જ્યાં હજુ ટૂકડા (ફ્રેગમેન્ટેશન) અને રુપકોની સંદિગ્ધતા દેખાઈ. આઇડ પહેલા ગ્રુપ ઉપરાંત નવા " જનરેશન ઓફ ૪૮માં પણ સામેલ હતી.આવા ગ્રુપનું સર્જન કે વલણ સત્તાને કારણે સામાજિક બાબતો તરફ વળી ગયું.

આ કવયિ ત્રીએ પોતાના સર્જનને સંપાદકો અને પ્રાધ્યાપકો- રાજકીય અને સામાજિક પરિવર્તન સામે પ્રતિઘોષ (પ્રત્યાઘાત) તરીકે ઓળખાવે તેવો આગ્રહ રાખ્યો હતો ,કારણ કે એના મધ્યબિંદુ તરીકે એનો મિશ્ર રંગ (ગોરા + હબસીના સંતાન તરીકે) ઊર્જા (force)હતો.લગભગ ૧૯૬૧ પછી એણે ખૂલીને લખવા માંડ્યું હતું. "એલિજી ફોર એલિજીસ " કાવ્યમાં એણે લખ્યું છે " આપણા રાષ્ટ્રીય ઇતિહાસમાં કશું સમાનસ્તરે નથી/આનંદના ઇતિહાસ સાથે/લગભગ ડોમિનિકન રાજ્યકર્તાઓ/સંડાસ અથવા નરકના પદાર્થોથી બંધાયા હતાં " (બંધાયા એ ગર્ભધારણમાં ઉદભવેલાંના અર્થમાં છે.)એવી કવયિત્રીની આ કવિતા છે જ્યાં એ સ્ત્રીની સામાજિકતા વિશે બોલે છે ,ફેમીનીઝમની ભાષા બોલે છેઃ એના એકાકીપણામાંથી (પોતાની!) o હિમાન્શુ પટેલ



સ્ત્રી એકાકી છે

સ્ત્રી એકાકી છે.એકાકી એની મહત્તા સાથે.
ઉઘાડી આંખે.વિસ્તૃત હાથે.
બૃહદ અરવ જેવા ખૂલ્લા હૃદયે.
અસાધ્યમાં અને નિરાશ રાતોમાં આશા ખોયા વગર થંભે.
એ માને કે તે અધિકારી વહાણમાં છે
સૃષ્ટિના ઉદાસતમ પ્રકાશ સાથે.
એણે ક્યારના સઢ ચડાવી દીધા છે અને ઉત્તરના
પવનને તાણવા દીધી
પ્રેમાળ આંખો સામે તેજ ઊંડાણે.


સ્ત્રી એકાકી છે.એ સ્વપ્નથી સ્વપ્નાં જકડી રાખે,
સ્વપ્નાં જે એની પાસે રહ્યાં,અને એન્ટીલીઝનું* સમગ્ર
આકાશ,
જે ગંભીર અને શાંત સૃષ્ટિ સામે માનવ જડતા છે,
ગતિમય,ઘસડાતું પોતાના શબ્દાર્થમાં
ખોવાયેલ, પોતાના વ્યર્થ શબ્દમાં.

સ્ત્રી એકાકી છે.એ વિચારે કે હવે સમગ્ર કશું નથી
અને કોઇ કશું નથી કહેતું જલસાથી ઉઠમણા સુધી
કૂદતા લોહી વિશે,ધસતા લોહી વિશે
જન્મેલા લોહી વિશે વા મૃત્યુને વરેલા.

કોઇ અગ્રેસર નથી એને ફરાક આપવા
એનો અવાજ છાવરવા જે ઉઘાડે ડૂસકે,આત્મસૂચન.

સ્ત્રી એકાકી છે.લાગણીશીલ અને એનું ડૂબે સત્ય...
વિચારોમાં જે રૂપ બદલે ગુલાબના સૌંદર્યનું
નક્ષત્રોનું,પ્રેમનું,માણસ અને ઇશ્વરનું

આઇડ કાર્તાહેના પોર્ટાલાતીન
અનુવાદ - હિમાન્શુ પટેલ



અગ્રેજીમાં કવિતા વાચવા માટેની લિંક

https://docs.google.com/document/d/1hI0PXsVaXhC3aUiRNjmjz8FCdSQ5hSCGJjZN-fdq77Y/edit

સુ.દ. : વન-મેન યુનિવર્સિટી

ટેલર મનહર વિવેક



સુરેશભાઈ, હું સુરતથી વિવેક ટેલર બોલું છું... આપ કદાચ મને ન પણ ઓળખતા હોવ...

અરે કેમ ન ઓળખું, ભાઈ? તમારી કવિતાઓ હું નિયમિત વાંચતો હોઉં છું.

-મારા માટે તો આ સાનંદાશ્ચર્યની ઘટના હતી. ગુજરાતી કવિતાજગતનું એવરેસ્ટ શિખર મારા જેવી નાનકડી ટેકરી સાથે ઘરોબો બતાવે એ મારા માટે બહુ મોટી વાત હતી. મારા પ્રથમ કાવ્યસંગ્રહ "ગરમાળો"ની પ્રસ્તાવના માટે મેં એમને ટેલિફોન પર જ અચકાતા-ખચકાતા વાત કરી અને એમણે મલકાતા-મલકાતા હા પાડી દીધી. મારા માટે એ બે જ મિનિટમાં મળેલો બીજો આશ્ચર્યાઘાત હતો.

એમની સાથે જેટલી મુલાકાત થઈ, એ બધી મારા માટે અનવરત શિક્ષણની પળો હતી. પારસસ્પર્શે જેમ કથીર કંચન થાય એમ એમની પાસે થોડીવાર પણ બેસી રહો એટલે કવિતા વિશે, જીવન વિશે કે જાત વિશે બે નવી વાતો શીખવા મળે જ...

પણ ગુજરાતી કવિતાની આ વન-મેન યુનિવર્સિટી રાતોરાત પડી ભાંગી... એક તોતિંગ ગઢ... એક આખું આકાશ... ગુજરાતી કવિતાના ઘરનો એક મોભી... એક જ રાતમાં શું શું નથી ગુમાવ્યું ગુજરાતી ભાષાએ? લગભગ એંસી વર્ષનું આયુષ્ય ભોગવીને કવિશ્રી સુરેશ પુરુષોત્તમ દલાલે આખરી શ્વાસ લીધા. એની સાથે અસંખ્ય અનુવાદ અને આસ્વાદ આપણે ગુમાવ્યા. સુરેશભાઈ કવિતા માત્ર જીવ્યા નથી, શ્વસ્યા છે. એમની નસોમાં રક્તકણ નહીં, શબ્દ વહેતા હતા. કવિતા ગમે ત્યાંથી મળે, ગમે એ ભાષા-સંસ્કૃતિમાંથી મળે, એ સદૈવ એને આલિંગવા તત્પર રહેતા. ગુજરાતના કંઈ કેટલાય નાના-મોટા સાહિત્યકારો એમના પારસ-સ્પર્શે પોતાના ગજાથીય વધુ મોટા બની શક્યા.

ગુજરાતી કવિતા વેચી શકાતી નથીની "ઇમેજ" સુ.દ.એ એકલા હાથે ધોઈ નાંખી. પાંચસો-છસો રૂપિયાની કિંમતના કાવ્યગ્રંથ 'ઇમેજ' બહાર પાડે અને ચણા-મમરાની જેમ ઊપડી જાય એવો સુખદ અકસ્માત સુ.દ. સિવાય કોઈ સર્જી ન શકે.

સુ. દ. (૧૧-૧૦-૧૯૩૨ થી ૧૦-૦૮-૨૦૧૨) શબ્દોના માણસ હતા. અછાંદસ કવિતા, છંદોબદ્ધ કાવ્યો, બાળકાવ્યો, ગીત, ગઝલ, સૉનેટ, મુક્તસૉનેટ, દીર્ઘકાવ્ય, ગદ્યકવિતા – કવિતાના કોઈ અંગને એ સ્પર્શ્યા વિના રહ્યા નથી. કવિતા જીવતો આ માણસ ઉંમરની છેલ્લી સંધ્યાએ પણ અવિરત કાર્યરત રહ્યો હતો. કાવ્ય, અનુવાદ, આસ્વાદ, નિબંધ, કટારલેખન, વિવેચન, સંપાદન, વ્યક્તિચિત્ર – શબ્દની એકેય ગલી એવી નથી જ્યાં એમણે સરળતા, સહજતા અને અધિકૃતતાથી પગ ન મૂક્યો હોય. એમના નામ સાથે સંકળાયેલા પુસ્તકોની યાદી લખવા બેસીએ તો પાનાંઓ ઓછા પડી જાય. પચાસની નજીક પહોંચે એટલા તો એમના પોતાના કાવ્યસંગ્રહો જ છે. એમના પોતાના શબ્દમાં કહીએ તો – "આ માણસ લખે છે, ઘણું લખે છે. લખ-વા થયો હોય એમ લખે છે"

મૂળે એ ગીત અને અછાંદસના માણસ. ગઝલ વિશે એ પોતે જ કહે છે: "ગઝલ લખવાનો ચાળો કર્યો છે, પણ ગઝલમાં એનું ગજું નહીં" પણ એમણે આપણને જે અનુવાદો અને કાવ્યાસ્વાદો આપ્યા છે એના વિના આપણું સાહિત્ય પાંગળું લાગત એ હકીકત છે. એમને કોઈ કવિ પારકા કે પરાયા લાગતા નહોતા. એમના માટે કવિ એટલે કવિ. કવિ સાથે એમનો લોહીનો નાતો હતો કેમકે કવિ એમના કાનને ગાતો હોવાનું એ અનુભવતા. સુ.દ. પ્રણય અને પ્રકૃતિના અનહદ આરાધક હતા. વેદના અને આસ્થા એ જાણે એમની કવિતાના બે બાજુ હતા. જીવન પરત્વેની ચિરંજીવ આશા એમના કાવ્યોમાં સદા ડોકાતી. કૃષ્ણ-રાધા-મીરાંના પ્રણયત્રિકોણનો જાણે એ ચોથો ખૂણો ન હોય એમ કૃષ્ણને આરાધતા. અને જોગાનુજોગ કૃષ્ણજન્મના દિવસે જ પ્રાણ પણ ત્યાગ્યા...

એ રસ્તાના માણસ હતા, નક્શાના નહીં. એમની ગતિમાં પળેપળ પ્રગતિ હતી. શબ્દને અડે ત્યારે એમનો વેગ પ્રવેગમાં પલટાઈ જતો. સુ.દ.ને હકીકતને વળગવામાં રસ ન હતો, એ એને ઓળંગવામાં માનતા. કેમકે શરીરથી આત્મા લગી, હકીકતથી સત્ય સુધીની યાત્રાને જ તેઓ કવિતા માનતા હતા. એ હંમેશા શબ્દો સાથે ભૂલા પડવાની મજા માણતા

હતા. અઘરી કવિતાના વિરોધી. સરળતાનું સૌંદર્ય એ સુ.દ.ની કવિતાઓનું મુખ્ય ઘરેણું છે. અઘરી કવિતાઓથી ભાવકને ગુંચવી મારી પોતાની પંડિતાઈ સાબિત કરવાને બદલે સુ.દ. હંમેશા સરળ બાનીથી આમ આદમીના દિલ સુધી જવાનો પ્રયત્ન કરતા. એટલે જ એમનાં ગીતોમાં સહજ માધુર્ય અનુભવાય છે. Genuine poetry can communicate before it is understood. (T. S. Eliot). આ વાતની સાબિતી સુ.દ.ની રચનાઓમાં સતત મળતી રહે છે. ક્યારેક વધુ પડતી સરળતા કાવ્યપદાર્થને ખાઈ જતી હોય એમ પણ લાગે. પણ સરવાળે એ સામાન્ય માનવી સુધી કવિતાને લઈ જવાની અનવરત મથામણમાં હોય એમ લાગે છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એમના વિશે લખ્યું હતું: “ભાઈ દલાલની કવિતાનાં બે-ત્રણ ઉપલક્ષણ ધ્યાન ખેંચે છે. અર્થાનુસારી કે અર્થપોષક શબ્દને બદલે રવાનુસારી પદ આવે છે અને પછી પદમાંથી અર્થનો ફણગો ફૂટે છે. સમગ્રતયા ત્વરા, તરવરાટ અને તરંગરતિનું પ્રૌઢિમાં, તેમ જ આન્તર આકુલતા, એકલતા, સંમૂઢતા અને વૈશ્વિક વક્રતાનું તીવ્ર સંવેદન સમાધાન અને શ્રદ્ધામાં વિશ્રાન્તિ લે છે, પરિપાક પામે છે.”

એમના છંદોબદ્ધ કાવ્યોની પણ એક ઓર જ મજા છે. અને એના કારણે જ એમના અછાંદસ પણ કદાચ વધુ આસ્વાદ્ય બન્યા છે. કવિની છંદ પરની પકડ જોતાં જ એમના અછાંદસ કાવ્યોમાં સંભળાતો આંતરલય ક્યાંથી પ્રગટ્યો છે એનું રહસ્ય હાથ આવે છે.

અંતે, કવિની વાત કરીએ અને એમની કવિતા ન સાંભળીએ તો વાત કદી પૂરી ન થઈ શકે કેમકે કોઈ પણ કવિની સાચી ઓળખ એના શબ્દો જ છે:

યાત્રા (મુક્ત-સૉનેટ)

મને હકીકતને વળગવામાં રસ નથી, એને ઓળંગવામાં રસ છે.
ટેબલ પર પડેલા પાણીના ગ્લાસને જોઉં છું ત્યારે
એના જળને કાચની દીવાલ બહાર પણ જોઈ શકું છું
સરોવરના જળરૂપે કે વાદળના ગર્ભમાં પણ.

ચાર દીવાલની બહાર જગત છે –
પણ જગતની બજારમાં ઊભા રહેવાનો કોઈ નશો નથી.
બધી દીવાલોને વીંધીને નીકળી જવું છે ક્યાંક
નીરવ શાંતિના લયબદ્ધ કોઈ તટ ઉપર.

હું ઘડિયાળને જોઉં છું ત્યારે કેવળ આંકડા કે કાંટાઓને જોતો નથી.
વર્તુળાકાર ગતિને ભેદીને નીકળી જવાની મારી ઝંખના છે.
જન્મ પહેલાં અને મૃત્યુ પછીના કાળના નિરામય સ્વરૂપનો
સાક્ષાત્કાર થાય છે ક્ષણાર્ધ.

શરીરથી આત્મા લગી હકીકતથી સત્ય સુધીની
યાત્રા તે કાવ્ય નહિ હોય ?


આ કવિતા વિશે કવિ પોતે શું કહે છે તે જોઈએ:
“હકીકત અને સત્ય વચ્ચે એક સૂક્ષ્મ રેખા છે. કેટલીક હકીકતો તમને વળગેલી હોય છે. દા.ત. જન્મ, બચપણ, સંસ્કાર, સમગ્ર વાતાવરણ, સ્મૃતિ વગેરે. હકીકત એ પ્રથમ પગથિયું છે. એ પગથિયા પર ફસડાઈ પડવામાં મને રસ નથી. લોકો જ્યારે જ્યારે હકીકતને ઓળંગી શકે છે ત્યારે ત્યારે એટલા પૂરતા ખુશનસીબ છે. પાણી એ કદાચ હકીકતથી ગૂંગળાતો મારો જીવ છે. જળનું વાદળના ગર્ભમાં રહેવું એ એની સ્વાભાવિક્તા છે. જળનું સરોવરનું રૂપ એ એનું સૌંદર્ય છે. જળનું પાણીના ગ્લાસમાં રહેવું એ નકરી વાસ્તવિક હકીકત છે. હકીકતનો આપણે કાંકરો કાઢી શકતા નથી, કારણ કે તરસ લાગી

હોય ત્યારે પેલો પાણીનો ગ્લાસ જ મદદે આવે છે. મારું જીવન એ બાહ્ય દૃષ્ટિએ હકીકત છે; પણ મારું કાવ્ય એ સત્ય છે. શરીર એ હકીકત છે. હું મારા શરીરથી અન્યના શરીર સુધી અને એ દ્વારા અન્યના આત્મા લગી પહોંચી શકું તો એ ક્ષણ કદાચ કાવ્ય હોય તો હોય.

"ગદ્યમાં લખાયેલું આ સૉનેટ છે. એની ચૌદ પંક્તિની હકીકતને સાચવી છે પણ છંદની હકીકતને તથા અન્ય કેટલાંક લક્ષણોને ઓળંગવાનો પ્રયત્ન કર્યો છે. કાવ્યમાં આ ઓળંગવાનો પ્રયત્ન કરી શક્યો, એ જો જીવનમાં કરી શક્યો હોત તો આ મૂંઝવણ, વ્યથા કે વ્યથાનું કાવ્ય ન રહેત."

આંખ તો મારી આથમી રહી, કાનના કૂવા ખાલી.
એક પછી એક ઇન્દ્રિય કહે : હમણાં હું તો ચાલી.
પંખી ઊડ્યું જાય ને પછી, કંપે જરી ડાળી.

પંખી તો ઊડી ગયું પણ ડાળ સતત કંપતી રહેશે. સુ.દ.ના જવાથી ગુજરાતી સાહિત્યજગતમાં સર્જાયેલો ખાલીપો લાંબા સમય સુધી અનુભવાતો રહેશે. કવિના પોતાના શબ્દોમાં કહીએ તો: "મૃત્યુથી મોટું પૂર્ણવિરામ અન્ય કોઈ નથી" .



કીર્તિ તો માણસ મૃત્યુ પામે પછી પચાસ વર્ષે જે રહે તે.......

સાહિત્યકાર એ માણસ છે એટલે એની સાથે એના રાગદ્વેષ એ બધું જ સંકળાયેલું હોય છે. મારી એ દ્રુઢ માન્યતા છે કે પૈસો કદાચ પચે, પણ કીર્તિ બહુ ઓછાને પચે છે. ગમે એટલો મહાન સર્જક હોય, એને નોબેલ પ્રાઈઝ કેમ ન મળ્યું હોય, પણ એના પોતાના જીવન દરમિયાન જે મળે છે એ higher type of publicity છે, કીર્તિ નહીં. કીર્તિ તો માણસ મૃત્યુ પામે પછી પચાસ વર્ષે જે રહે તે.

સાહિત્યકારોને જ્યારે કીર્તિની સ્પર્ધામાં ઉતરેલા (ઉતરેલા બન્ને અર્થમાં) જોઉં છું ત્યારે મને ખરેખર બહુ દુઃખ થાય છે, એનું કારણ એ છે કે એક ક્ષણ એવો વિચાર આવે કે આટલું બધું લખ્યું હોય, વાંચ્યું હોય, વિચાર્યું હોય અને માણસે જો આ જ રીતે વરતવાનું હોય તો બધાં જ પુસ્તકો બાળી નાખવાં જોઈએ. પણ પછી હું મારા મનને વાળી લઉં છું કે મારે સંબંધ કોની જોડે રાખવો છે ? મારે સંબંધ સાહિત્ય જોડે રાખવો છે. એ સાહિત્યકાર વિશે ઈમેજ બાંધનાર પણ હું છું અને એ ઈમેજ તૂટે છે ત્યારે સૌથી વધારે તો એનું જે દુઃખ થાય છે તે પણ આપણને જ થાય છે. પેલા સાહિત્યકારને તો ખબર જ નથી હોતી કે મારા વિશે એણે આટલી મોટી ઈમેજ બાંધી લીધી હશે. સુ.દ.

સુરેશ દલાલ : ઉત્તમ શિક્ષક, ઉમદા વ્યક્તિત્વ

નૂતન જાની



સ્વબળે સફળતા હાંસલ કરે એ વ્યક્તિને ઝાઝે ભાગે પ્રશંસા ઓછી અને નિંદા વધુ ખમવી પડતી હોય છે. સુરેશ દલાલ સાથે મારો સંબંધ ઈ.સ. ૧૯૮૪થી જોડાયો. વહીવટક્ષેત્રે એમની કાર્યપદ્ધતિ વિસ્મિત કરી મૂકે તેવી. સાહિત્યક્ષેત્રે કાવ્યસર્જન, વાર્તાઓ, વિવેચન, અનુવાદ, સંપાદન એમ અનેકવિધ દિશાએ સતત કાર્યરત રહ્યા. સતત પ્રવૃત્તિરત હોવા છતાં તેઓ આજીવન શિક્ષક રહ્યા. આદર્શશિક્ષકના ધોરણને ક્યારેય આંચ ન આવવા દે એવા શિક્ષક. ઈ.સ. ૧૯૮૪માં હું એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં સુરેશભાઈની અધ્યક્ષતા હેઠળ રિસર્ચ આસિસટન્ટ તરીકે જોડાઈ. એમની સાથે ઈ.સ. ૧૯૯૩ સુધી કામ કર્યું. તેઓ મારા પી.એચડી.ના માર્ગદર્શક. પી.એચડી.ના માર્ગદર્શક તો પછી થયા ઈ.સ. ૧૯૯૭માં. પણ જ્યારથી એમની સાથે સંબંધ બંધાયો ,તેમની નિશ્રામાં સતત પરોક્ષશિક્ષણના પાઠ આપમેળે જ મળ્યા. જીવન કેમ જીવાય તેની એમની ફિલસૂફી જ નોખી.એકવાર સવારમાં જ અમને સહુને બોલાવ્યાં ને કહે ,આ બધાં છાપાંઓ મોંઘવારી વધી ગઈ તેની કાગારોળ કરે છે. પણ એ તો એનું કામ જ વધવાનું છે. આપણે એથી ગભરાવું નહીં. એનો સામનો કરવા કમાવાના વધુ રસ્તાઓ શોધી લેવા. એવા રસ્તાઓ જેમાં ચાલતા આપણે ગૌરવ અનુભવીએ અને શ્રમનો મહિમા સમજતા થઈએ ! શિક્ષણ એટલે વર્ગખંડમાં અપાય તે જ નહીં. જેની પાસેથી સતત જીવનના પાઠ શીખવા મળ્યા હોય તે શિક્ષણ વર્ગખંડની દીવાલોને ઓળંગી જતું હોય છે.

સુરેશભાઈ સેલ્ફ મેડ, સેલ્ફ મોટીવેટેડ વ્યક્તિ. પૂર્ણ શિસ્તમાં માનનારા. એમની શિસ્તની, એમના રોજિંદા કાર્યનાં સમયપત્રક દ્વારા જાણ મળે. સમયપત્રક બનાવીને એનું ચુસ્તીથી પાલન કરે. ક્ષણેક્ષણનો સદઉપયોગ કરવાનું વલણ ધરાવે. રોતલવેડાથી જોજનો દૂર રહે. ખુશ રહેવું, ખુશ કરવા, વિકસતા રહેવું ને લોકોને વિકાસ તરફ દોરવા એ એમની પ્રકૃતિનો મુખ્ય ગુણ. ગમે તેટલા વ્યસ્ત હોય તો ય સમયપત્રક પ્રમાણે એમ.એ.ના વર્ગો તો લેવાના જ. વિદ્યાર્થીઓ આતુરતાપૂર્વક એમના લેક્ચર્સની પ્રતિક્ષા કરે. સુરેશભાઈ વર્ગમાં હોય ત્યારે આખા વિશ્વની કવિતાઓના રમણીય રંગોથી વર્ગનું વાતાવરણ રંગીન થઈ જાય. કવિતા ભણાવે ત્યારે કવિતાનો 'ક' ઘુંટાવે. વિદ્યાર્થીઓને આપોઆપ જ કવિતાનો વિષય પ્રિય થઈ પડે. એક કવિની કવિતા એ કવિ પૂરતી કે એ કવિતા પૂરતી મર્યાદિત રહે જ નહીં. એવી જ અન્ય ભાષાની કવિતાઓના પતંગિયાઓ વર્ગમાં સુરેશભાઈની વાણી રૂપે ઊડવાં માંડે. વિદ્યાર્થીઓ એ વાણીમય બની જાય. કવિતાની જાણે સમાધિ જ લાગી જાય. સુરેશભાઈ વિભાગમાં આવે કે સવાર પણ રોજ જે કંઈ નવું વાંચ્યું હોય, જાણ્યું હોય તેની વાતોથી થાય. ભારતીય કવિતાઓ, વિશ્વની કવિતાઓ અને 'કવિતા' સામયિક માટે આવતી કવિતાઓથી રોજની સવાર કવિતામય બની જાય.

મારા જીવનમાં કાવ્યલેખનનો આરંભ વિદ્યાર્થી અવસ્થામાં થયેલો પણ કવિતાની દિશામાં રસરુચિ ઘડવાનું પ્રેરકબળ તો સુરેશભાઈ જ. 'કવિતા' સામયિકનો વિશેષાંક (નગરકવિતા)પ્રગટ કરવાનો હતો. સુરેશભાઈએ મૌલિક કાવ્યો માગ્યા. સુરેશભાઈની માણસ પરની શ્રદ્ધા અચૂક ફળતી. મારા પરની પણ ફળી તે તરત જ ચાર-પાંચ કાવ્યો અને અનુવાદો આવ્યાં. સુરેશભાઈ પાસે પરખંદાપણું હતું. વ્યક્તિમાં રહેલી શક્તિને પામી લે ને તેનો પૂરો વિકાસ થાય તે દિશામાં તેને લઈ જાય. મર્યાદાઓને તેમણે કદી ફોકસ કરી નથી. ઈ.સ. ૧૯૮૭ , એ વખતે એમની પાસે માલા કાપડિયા પી.એચડી. કરતાં હતાં. નલીનીબહેન માડગાંવકર પણ એમનાં જ માર્ગદર્શન હેઠળ શોધકાર્ય કરી રહ્યાં હતાં. શોધકાર્ય માટે અમે ત્રણ જ ભાગ્યશળી છાત્રાઓ છીએ જેમને સુરેશભાઈનાં માર્ગદર્શનમાં સાહિત્યપદાર્થ જાણવા-નાણવા-પ્રમાણવાની દ્રષ્ટિ મળી.

શોધકાર્ય દરમિયાન કોર્સવર્ક પણ કરવું પડતું.સુરેશભાઈએ મને કોર્સવર્ક નિમિત્તે ઉમાશંકર જોશીની કવિતા પર કામ કરવા સૂચવ્યું. આપણી ભાષામાં લખનારા વૈશ્વિક ઓળખ ધરાવનારા ભારતીય કવિ ઉમાશંકર જોશીનો અંતરંગ પરિચય ત્યારે મળ્યો. 'સમગ્ર કવિતા'ના શબ્દેશબ્દે સુરેશભાઈએ કેળવેલી દૃષ્ટિના સ્પર્શે ' ઉમાશંકર જોશી નું કવિતાવિશ્વ' શોધપેપર તૈયાર કર્યું. સુરેશભાઈને સોંપ્યું. સુરેશ દલાલ કડકપણે શિસ્તના આગ્રહી અને જે લાગે તે તડને ફડ કહી દેનારા. વિદ્યાર્થિની હોવાના લીધે એમનો સામનો કરતી વખતે ઘણીવાર પેટમાં ગોળા વળે. બીક પણ લાગે, પણ એમની સાલસતાનો અનુભવ ઉમાશંકર જોશી વિશેના મારા શોધપેપર નિમિત્તે થયો. એક રવિવારે સવારમાં જ આઠેક વાગે મારો ફોન રણક્યો. મેં રિસીવર ઊંચક્યું તો સામે છેડે સુરેશભાઈ ! કહે " નૂતન, તમે મારી સવાર સુધારી દીધી. ઉમાશંકર જોશી મારા પ્રિય કવિ. એમની કવિતાઓ વિશે ખૂબ જ કહેવાઈ ગયું છે. મને એમ હતું કે તમે એથી જુદું કંઈ નહીં કહી શકો, પણ તમે તો નવી જ દૃષ્ટિએ એમનો પરિચય કરાવ્યો. હવે તમે પાક્કાં કવિતાવાસી થયા." મારા આનંદનો પાર જ નહીં. ત્યાર પછીથી પેટમાં ગોળા વળતાં બંધ થઈ ગયા. સુરેશભાઈનું આકરાપણું આપણી કેળવણી માટે જ છે તે સમજાયું. સુરેશભાઈ પણ મને સમજતા. મારા શોધકાર્યને પ્રમાણતા. શોધકાર્યની પ્રક્રિયા દરમિયાન સુરેશભાઈની અભ્યાસના વ્યાપ પરત્વેની વિચારણા જાણી શકાઈ. વાસ્તવમૂલક પરિસ્થિતિઓ સાથે કઈ રીતે સમાધાન કરવું તે પણ તેમણે જ શીખવ્યું.

મારા જીવનમાં પણ સુરેશભાઈનો ફાળો કહો તો ફાળો ને પ્રભાવ કહો તો પ્રભાવ ઘણો. મને એ ગર્વાન્વિત જ લાગ્યો છે. ધીમેધીમે એ જ વિભાગમાં મારી વરણી અધ્યાપિકા તરીકે થઈ. પછી તો વિભાગના અધ્યક્ષાની કામગીરી પણ મને સોંપાઈ. સાહિત્યક્ષેત્રે મારા અધ્યયન-અધ્યાપન નિમિત્તે સાહિત્યક્ષેત્રની કેટલીક નામાંકિત, વિદ્વાન વ્યક્તિઓ સાથે સંવાદ સાધવાનું બનતું રહ્યું છે. કેટલીક વ્યક્તિઓએ સુરેશભાઈ વિશે મને બેફામ વાતો કરી -નિંદા જ કહોને- તે કરી. સુરેશભાઈને પણ અવારનવાર મળવાનું થતું. મેં ક્યારેય એમના મોઢે કોઈની નિંદા સાંભળી નથી. એ વ્યક્તિમૂલક હતા. કદી બેફામ થઈ કોઈના વિશે એ ઘસાતું બોલ્યાનું યાદ નથી. એમ હોવાનું કદાચ એમની માનવપ્રીતિને લીધે બન્યું હશે. મારે તો એમનાથી જુદા પડી, જુદી રીતે પણ કામ કરવાનું બન્યું છે. એમણે સૂચવેલા રસ્તે ઘણી વખત ચાલવાનું મેં નકાર્યું પણ છે, પણ એમણે કદીયે આડે આવી મને રોકવાનું કર્યું નથી. મને મારા હિસાબે, મારી સમજે વહેવા દીધી છે. તેઓ પાળ બાંધી અટકાવે તેમાના નહોતા. તો સાથે જ ખોટા વખાણ કરી પીઠ થાબડે તેવા પણ નહોતા. સુરેશભાઈ જેવા શિક્ષક, એમના જેવા નિખાલસ અધ્યક્ષ, વહિવટકુશળ અધિકારી, કવિતાપ્રિય કવિ, જલસાથી જીવનારા, માણસને ચાહનારા ગુરુ મળે તે શિષ્ય ભાગ્યવાન જ બને. આજે સુરેશભાઈ નથી ને તો ય એ અમારા જેવા, આપણામાંના કંઈ કેટલાય નાં હૈયે વસેલા છે. સુરેશભાઈ, તમને રૂબરૂમાં જે નથી કહી શકી તે કહું છું, તમે સાંભળો તો છો ને ? "તમે ખૂબ પ્રિય છો સુરેશભાઈ."



કવિ સુરેશ દલાલ અને સુરેશ દલાલ..

વંચિત કુકમાવાલા



ગુજરાતી સાહિત્યમાં સુરેશ દલાલનું સ્થાન કે પ્રદાન વિષે વાત કરવાની મારી ક્ષમતા કે લાયકાત નથી. ભારતીય ભાષા અને વિશ્વની ભાષાના મહાન કવિઓની કૃતિ ગુજરાતી સુધી પહોંચાડવાનું કામ છેલ્લા શ્વાસ સુધી તેઓ કરતા રહ્યા. તેમણે ગુજરાતી કવિને અન્ય ભાષા સુધી પહોંચાડવાનું કામ પણ કર્યું છે.

એમની નજદીક આવનારા કોઈ પણ વ્યક્તિને ધારીધારીને જુએ, બોલાવે,સાંભળે,સ્પર્શે, સૂંઘે. ભીતરે છેક તળિયેથી એને માપે પછી એકા'દ બીજો મોકો આપે અથવા પોતે સામેથી મળે. એની પરીક્ષામાં દૂરદૂર ક્યાંય એને અયોગ્ય લાગે તો ફરી એ માણસને પાસે આવવા ન દે. એનું આખું બોલવું અને સાચું બોલવું બધાને અખરતું હતું. પરંતુ કોઇએ એની સરળતા,સહજતા, ભાવુકતા અને નિખાલસપણાની ક્યારેય નોંધ લીધી નથી. જેની સાથે એની મિત્રતા રહી છે તે અકબંધ રહી છે.

મારા મતે તેમના વિષેની નકારાત્મક માન્યતાઓના કારણમાં ત્રણ મુખ્ય બાબતો હોઈ શકે – સુરેશ દલાલનું મુંબઈ મહાનગરીમાં રહેવું, તેમની હાઈ પ્રોફાઈલ લાઈફસ્ટાઈલ અને તેમના સંપાદન તળે 'કવિતા' સામયિકને મળેલ ઈર્ષા ઊપજાવે તેવી દોમદોમ ખ્યાતિ. આ નકારાત્મક માન્યતાને લીધે ઘણા 'સારા' કવિઓ / સર્જકો એમના સુધી નથી પહોચ્યા એનું દુઃખ ખુદ સુરેશ દલાલને પણ હતું.

૨૦૦૦ની સાલથી મારો એમની સાથે સંબંધ રહ્યો છે. ભુજમાં દશ દિવસ રોજના છ સાત કલાક સાથે રહેવાનો મોકો મળ્યો. આ દશ દિવસ દરમિયાન તેમના વિષે મારા મનમાં રહેલી ઘણી માન્યતાઓને ખુદ સુરેશભાઈએ જ ભાંગીને ભુક્કો કરીને મારા હાથમાં આપી દીધી . આ દરમિયાન બનેલી ઘટનાઓને વિગતે અહીં ઉતારું તો –"કહું જો વાત મારી તો બધાને વારતા લાગે ." તેવો ઘાટ થાય તેવી બીકે તેને નિવારું છું. તેમણે મને પણ અન્ય વ્યક્તિની જેમ પૂરેપૂરો ચકાસ્યો પછી સ્વીકાર્યો. એમને હું કેવી રીતે ગમ્યો એના શબ્દો- " તું મને ગમે છે કારણ કે કોઈ પણ જાતના સ્વાર્થ વગર મિત્રતા કેમ નિભાવવી તે તું જાણે છે. "

એમનામાં વિસ્મય,મુગ્ધતા,ભાવુકતા નાના બાળક જેવાં હતાં. તમારી આરપાર નીકળી તમને પામી લે પછી તમારા પર ઓળઘોળ બની તમને ભરી નાંખે. ભારતીય કવિઓ અને વિશ્વના કવિઓના પરિવેશ વિષે અને તેની કવિતામાં માનવીય મૂલ્યો વિષે ફક્ત મારા એકલા માટે જ વ્યાખ્યાન આપતા હોય તેમ મારી સામે બોલ્યા છે. ગુજરાતી છંદોબદ્ધ કવિતા, ગીતમાં ગાંધીયુગ પછીના પરિવર્તન વિષે વાત કરી છે.

મેં ક્યારેય મારા સ્વરમાં એમને એક પણ કવિતા નથી કહી. એ એમને નહોતું ગમ્યું. એમણે મોકલાવેલ પુસ્તકોના હું અનુવાદ નહોતો કરી શક્યો તે નહોતું ગમ્યું. બીજી તરફ મારી દરેક છપાતી કવિતાને વાંચી એમણે મારી મૌલિકતાને માપવાનું કામ કરેલું. મારી કવિતાના આસ્વાદ કરાવીને મને વધારે ને વધારે ખોલવાનું કામ કરેલું. મારા બીજા કાવ્યસંગ્રહનું છેલ્લું પાનું લખવા માટે મારી બધી જ કવિતા વાંચી પછી જ લખ્યું.એમની મિત્રતા જાળવવામાં ક્યાંય મારી વાહવાહ ન થાય તેમ જ એમનું 'કદ' જળવાય તેની તકેદારી રાખી , મૃત્યુ પહેલાના એમના શબ્દો સાથે વિરમું છું – " વંચિત, શરીર સાથ નથી આપતું પણ કામ ચાલુ છે તે છેલ્લા શ્વાસ સુધી ચાલુ જ રહેશે"



એક સંભારણું

ડૉ.કેતન કારીયા



લગ્ન થયાં પછી પહેલી વખત જીવનસાથી સાથે મારો જન્મદિવસ માણવાનો હતો. તે સારી વાચક છે તે હું જાણતો હતો, પણ વિચારોથી પણ તે સમૃદ્ધ છે તે ત્યારે જાણવા મળ્યું. એ ઉંમર અને એ સમય એવો હોય અને હતો કે અન્ય ભેટ (પરફ્યુમ, ફોટોફ્રેમ, શર્ટ..વગેરે) અપેક્ષિત હોય, પરંતુ મને ભેંટ મળ્યું એક પુસ્તક; 'ખુશ્બૂમાં ખીલેલાંફૂલ હતાં' (!!). ગુજરાતી ગઝલની ધરોહર સમાન પાંચ ગઝલકારોની ગઝલોનું સંપાદન. અને સંપાદક? શ્રી સુરેશ દલાલ.

મેં આભાર વ્યક્ત કર્યા પછી પૂછ્યું, " આ પુસ્તક જ કેમ પસંદ કર્યું? "


તેનો પ્રત્યુત્તર સમજવા જેવો હતો, " બે કારણ; કવિ પાસેથી નીકળેલી કવિતા કવિ સુધી પહોંચે તો સાર્થક થાય અને મને વિશેષ તો ખબર ના પડે, એટલે વિચાર્યું કે સુરેશ દલાલનું નામ જોડાયેલું છે, તો કંઇક ઉત્તમ જ હશે." માણસ એક જીવનયાત્રામાં આનાંથી વિશેષ શું ઉત્તમ કરી શકે? (સિર્ફ નામ હી કાફી હૈ!!!)

ડોસા-ડોસીની વ્હાલની વાત જેટલાં યુગલ સુધી પહોંચી હશે, તે સૌ પોતાનો એવો જ સુંદર કાલ્પનિક સાથ મહેસૂસ કરી શક્યાં હશે, સ્વાનુભવથી કહું છું. અફસોસ કે તેમને ક્યારેય મળવાનું ના થયું, તેમનાં મોટાભાગનાં કાવ્યો પણ તેઓ સુ.દ.માંથી સ્વ.સુ.દ. થઇ ગયા બાદ વાંચ્યા. પણ જીવનનું એક સુંદર સંભારણું તેમની સાથે જોડાયેલું છે અને હંમેશા રહેશે.



કળિયુગનું મેઘદૂત

અમે તો એક જ ઘરમાં સાથે રહીને છૂટાં પડી ગયાં છીએ. અમે એકમેક સાથે વાત કરી શકતાં નથી. વાત કરીએ તો સમજી શકતાં નથી.સમજીએ છીએ તો સ્વીકારી શકતાં નથી.મારી સિગારેટના ધુમાડામાંથી તો તારો આકાર કંડારાયો છે, હે મેઘ ! તો તું આટલું કામ ન કરે ? તું મને તારી ભાષા ઉછીની આપ અને અમારા સંદેશાની લેવડદેવડ કરી આપ. **સુ.દ.**



* શ્રદ્ધાંજલિ *

રાસબિહારી દેસાઈ

૨૩-૦૬-૧૯૩૫ - ૬-૧૦-૨૦૧૨

o અરથ અંતરી........

ફારૂક શાહ



કળા આખરે તો બોધની, અને એ બોધની પાછળ રહેલા જ્ઞાનને નિમિત્તે સાચી સમજણની દિશાની શોધ હોય છે. એ શોધ ઘણી વાર સંવાદી આકારો ધારણ કરતી હોય છે. તો ઘણી વાર સંઘર્ષ અને મૂંઝવણ (struggle & confusion)નાં આકારો રચતી હોય છે. બધી જ માનવવિદ્યાઓની શોધ જેમ અસ્તિત્વ અને વિશ્વના યથાર્થ જ્ઞાન તરફ પ્રવૃત્ત રહે છે એ જ રીતે કળા પણ વર્તે છે. પરંતુ કળાનો ગુણધર્મ ભાવ અને સંવેદના પર આધારિત હોવાથી તેમાં અન્ય વિદ્યાઓ નિમિત્તે તાર્કિક કે બૌદ્ધિક સ્તરે સમેટાયેલા અસ્તિત્વ અંગેનાં તથ્યો વધુ ઊંડાણ અને ઊંચાઈએ સંવેદવાની તીવ્રતાઓ જોવા મળે. વળી તેની રૂપકાત્મક અને પ્રતીકાત્મક અભિવ્યક્તિને કારણે તેમાં દાર્શનિક વ્યાપ પણ સાહજિક રીતે રચાય છે. જ્ઞાનબોધ પોતે નૈસર્ગિક અને મૌલિક મુદ્રાની દશામાં હોવાને કારણે તેને પ્રગટ કરવાનાં શાબ્દી કળાગત માધ્યમ-સ્વરૂપો અને તે માટેની પદ્ધતિઓ મોટેભાગે જટિલ આકારો ધરી લેતી હોય છે. એટલે આસપાસનાં પ્રક્ષેપણો અને યથાર્થથી દૂર લઈ જનારી વસ્તુઓની સહોપસ્થિતિ વચ્ચે બોધની અલગ અલગ નૈસર્ગિક અવસ્થાઓ કળાકૃતિઓમાં નિરૂપણ પામતી જોવા મળશે.

અસ્તિત્વના જ્ઞાન વિશે જાણકારો એવો મત ધરાવે છે કે, યથાર્થ જ્ઞાન પૃથ્વી પરના દરેક માનવીના હિસ્સે સરખા ભાગે આવે એટલા પૂરતા પ્રમાણમાં છે, પરંતુ તેને ગ્રહણ કરવાની અને તેનો ઉપયોગ કરવાની કાળજી સાધારણ રીતે આપણા જગતમાં હજી પ્રચલિત થઈ નથી. એટલે અમુક લોકો જ એ જ્ઞાનને મેળવે છે અને તેને વિસ્તારવાનું કરે છે. ત્યારે સામે પક્ષે, મનોગત સ્વાર્થલીલાઓને આધીન થઈને સામાજિક વર્ચસ્વ ધરાવનારા વર્ગો કે સંસ્થાઓ એ જ્ઞાનને લુપ્ત કરવાની મથામણમાં પડે છે. એ પણ તેનાં ખોટાં અર્થઘટનોને આધારે. પરંતુ યથાર્થની રીતે રહેલું જ્ઞાન છે તે કશી પણ મિલાવટ કે મિશ્રણોની આંટીઘૂંટીઓને સ્વીકારી શકતું નથી હોતું. કેમ કે એમ કરવા જતાં જ્ઞાનબોધનું અસ્તિત્વ જ રહેવા પામતું નથી હોતું. આ એક અત્યાર સુધીમાં શોધાયેલું તથ્ય છે.

આ પ્રકારનું બોધગત માળખું લઈને મરાઠી કવિ મંગેશ પાડગાંવકર તેમની 'નિર્વિવાદ' કવિતામાં ચાલે છે અને એકદમ સરળતાથી જ્ઞાનબોધના એ વૈશ્વિક, સનાતન અને જીવનનિષ્ઠ રૂપને ઉજાગર કરી આપે છે. કવિ પ્રતીકની ભાષા અને પ્રતીકનાં રહસ્યોને ઉકેલતા ચાલે છે અને વળી એક કળાકાર હોવાના નાતે માર્મિક રેખાઓ આળેખીને વર્તે છે એટલે કેટલાંક રૂપકો મૂકે છે. 'શબ્દ' એમ પેલા યથાર્થનું પ્રતીક બનીને ભાષાનું કોઈ અંગ હોવાને બદલે વૈશ્વિક રીતે પથરાયેલા અસ્તિત્વના યથાર્થને પ્રગટ કરનારો બની જાય છે અને તેની આસપાસ વાદોના તત્ત્વજ્ઞાનો, પોથીનિષ્ઠ માંત્રિકો, રંગબેરંગી ટોપીઓ - એ બધાંની ઘોષણાઓ, તમામ વસ્તુ બોધની અસલિયતને ડહોળનારી બાબતો તરીકે ચિતરાયેલી છે. આ બધાંમાંથી અખંડિત રીતે સરકીને અંતે વ્યાપી વળતો 'શબ્દ' - યથાર્થ જ્ઞાનબોધ આપણા માટે સદીઓ પછી આજે પણ જિજ્ઞાસાનો વિષય હોય એ રીતે મૂકી આપવામાં આવ્યો છે. જોઈએ એ કવિતાને તેના કથનના લય પ્રમાણે :

o નિર્વિવાદ (મરાઠી કવિતા)

મંગેશ પાડગાંવકર

વાદોના તત્ત્વજ્ઞાનમાં
ભેરવાવો ન જોઈએ શબ્દ
આ નિર્વિવાદ સત્ય

નિશ્ચિત જાણ્યું હતું.
વાળ વીખરેલ પોથીનિષ્ઠ
માંત્રિકો
સ્થળે સ્થળે મળ્યા
પક્ષવાળી, રાષ્ટ્રવાળી ટોપીઓના
અનેક રંગ જોયા
ને રંગીન ટોપીઓમાંથી
સીધું ઉઠાવ્યું સિફતથી
પણ તેમની ઘોષણાઓની કોટડીમાં
પકડાયો નહીં.

કોઈએ પણ ગાવાં પોતાના હૃદયનાં
ગીત
બીજાઓ માટે પણ - પરંતુ
પોતાના જ લયમાં,
પોતાના જ તાલમાં,
વાદોના તત્ત્વજ્ઞાનમાં
ભેરવાવો ન જોઈએ શબ્દ
આ નિર્વિવાદ સત્ય
નિશ્ચિત જાણ્યું હતું...

-અનુવાદ : સુરેશ દલાલ




જિતુ પુરોહિત

૦ આ અંકના ફોટોગ્રાફર

'નિસ્યંદન'ના પરામર્શક અને કવિ જિતુ પુરોહિતને ચિત્રકળા અને ફોટોગ્રાફીમાં પણ ઊંડી રુચિ છે. ફોટોગ્રાફી એ એમનો નવો શોખ છે. આ અંકના સુશોભન ફોટોગ્રાફ્સ તેમણે પાડ્યા છે.

આ અંકના સુરેશ દલાલના સઘળા ફોટોગ્રાફ્સ કવિ હિતેન આનંદપરા દ્વારા પ્રાપ્ત થયા છે.

૦ સ્વાગતમ્- અસાઈત સાહિત્યસભા દ્વારા સઘળી લલિતકલાઓને સ્પર્શતું 'કલાવિમર્શ' નામક ત્રિમાસિક શરૂ થયું. પ્રથમ અંક સુંદર ,સમૃદ્ધ અને મણવા લયક થયો છે.
એક ઉત્સાહસભર અને આશા જન્માવતી શરુઆત... ડૉ.ચિનુ મોદીની અધ્યક્ષતા અને શ્રી વિનાયક રાવલ તંત્રી.
પ્રકાશનક્ષેત્રે આ નવપ્રગટ્યને 'નિસ્યંદન' હૃદયપૂર્વક આવકારે છે.
લવાજમ/સહયોગ મૂલ્ય સંપર્ક:અસાઈત સાહિત્યસભા - મહેસાણા. બી/૩, મહાવીર એપાર્ટમેન્ટ, ટી.બી .રોડ, મહેસાણા - ૩૮૪ ૦૦૨. તંત્રી સંપર્ક- ૦૨૭૬૨-૨૪૭૩૬૯.



જિતુ પુરોહિત




૦ 'ભીનાશ' ભરી ગઝલો - 'નિખાલસ'

જુદીજુદી સાહિત્યસભાઓએ ઘણા સારા કવિઓ ગુજરાતી ભાષાને આપ્યા છે,જેમાં બુધસભા-શનિસભા ,દ્વારા આપણને શૈલેષ પંડ્યા'ભીનાશ' મળ્યા છે. જૂન ૨૦૧૨માં તેમના તરફથી ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રથમ સંગ્રહ 'નિખાલસ' મળે છે.

ડૉ.રાજેશ વ્યાસ 'મિસ્કીને' ખૂબ જ સંક્ષેપમાં આ કવિની રચનાઓને મૂલવી છે. તો ડૉ.ચિનુ મોદી 'ઇર્શાદે' વિગતે પ્રસ્તાવના લખી છે. તેમાં તેમણે લખ્યું છે 'શનિસભામાં આવતો શૈલેષ પંડ્યા 'ભીનાશ' અણઘડ ટોળામાંનો એક નથી શનિસભાના દરેક કવિ સભ્ય પેઠે છંદ બાબતે એના કાન સરવા છે; રદીફ-કાફિયાની જાળવણી વિશે એ પૂરા સભાન હોય છે.' ચિનુભાઇએ સદષ્ટાંત આ કવિની વિશેષતાઓ અને ખામીઓ બતાવી આ સંગ્રહનું સુંદર મૂલ્યાંકન કર્યું છે.

ડૉ.અશોક ચાવડા 'બેદિલ' દ્વારા તો ખૂબ જ વિસ્તૃત રીતે આ સંગ્રહનું વિવેચન થયું છે. તેમાં તેમણે લખ્યું છે “શૈલેષની ગઝલોની 'ભીનાશ' સુધી જવા માટે પ્રત્યેક ગઝલ પાસે જવાની તૈયારી રાખવી પડે. એકંદરે શૈલેષને ગઝલનું બાહ્ય સ્વરૂપ તો હસ્તગત છે જ સાથે એ ગઝલના આંતરિક સ્વરૂપ પાસે જવાની જીદ પણ રાખે છે.” ગઝલ હોય કે અન્ય કોઇ સાહિત્ય સ્વરૂપ હોય-જ્યાં સુધી જિવાતા જીવન સાથે તાલમેલ ન ધરાવે તો મૃતઃપ્રાય બની જાય છે. શૈલેષ પોતાની જાતને સતત જિવાતા જીવન સાથે જોડી રાખે છે.' નિર્મિશ ઠાકરે તેમનો સરસ પરિચય આપ્યો છે. સંગ્રહમાં રદીફ-કાફિયાનું સુંદર પ્રયોજન-છંદોની વિવિધતા-અર્થ પ્રાગટ્ય-બોલાચાલની ભાષા વગેરે ભાવકને 'ભીનાશ'માં ભીંજવી જાય છે. કાવ્યના અન્ય પ્રકારો-ગીત-મુક્તક-અછાંદસ વગેરે પર પણ આ કવિએ નિખાલપણે હાથ અજમાવ્યો છે. તેમની કાવ્યબાની હજી પણ વધુ બળકટ બને તેવી શુભેચ્છા સાથે આવો માણીએ તેમના કેટલાક ઉત્તમ શે'ર :

આખરે તું સત્યથી ધ્રુજ્યો એ સાચી વાત પણ
આગ સામે ફૂંક મારી, તાપવાથી શું મળ્યું?



તોય એ તો દાખલો સમજાવવા ઊભા રહ્યા પણ
શૂન્યથી આકાશ સુધી ના કદીયે મન ધરાયું

કોક તો નીચું નમીને પણ ઊંચું જીવી ગયું;
કોકને ઊંચા થવાનો જો હજી યે મેદ છે.

ઝઘડી પડું? માથા પછાડું? કે સમય પર છોડી દઉં ;
આ જિંદગીએ સાવ લલચાવ્યા, કહો કોને મળું ?

હું કહું છું મેં કર્યું ને તું કહે છે તે કર્યું ;
છેક સુધી કેમ આ સંવાદ, જોવા દે મને.

ક્યાં ફરક ઝાઝો પડ્યો છે કોઇ ચર્ચાથી કદી ;
જો બને તો મૌન બેસી વાત જેવું ટાળને.

'નિખાલસ' કાવ્યસંગ્રહ , કવિ- શૈલેષ પંડ્યા 'ભીનાશ', પ્રકાશક- પોતે, ૪, આદિત્યનગર, સુમન પાર્ક સોસાયટી બાજુમાં ઓ.એન.જી.સી રોડ, કલોલ. જિ.ગાંધીનગર. વિક્રેતાઃ રન્નાદે પ્રકાશન – અમદાવાદ અને સત્યમ લાઈબ્રેરી-કલોલ.પાના-૧૦૩ કિંમત-૧૬૦

o સાભાર સ્વીકાર

o સુણ શબદ કહે જો સંત-ફકીર (સંત-ફકીરની વાણી): સંપાદક- ફારૂક શાહ, પ્રકાશક-ભરાડ ફાઉન્ડેશન,સરસ્વતી કોમ્પ્લેક્સ,ધર્મેન્દ્ર કોલેજ સામે, રાજકોટ. ૩૮૦ ૦૦૧. સંપર્ક : ૯૯૭૯૯૦૮૩૨૨. કિંમત રૂપિયા ૮૮ .૦૦

o કોયલ આંબલિયામાં રમતી (દીકરી વિષયક લોકગીતો): સંપાદક- ફારૂક શાહ, પ્રકાશક-ભરાડ ફાઉન્ડેશન,સરસ્વતી કોમ્પ્લેક્સ,ધર્મેન્દ્ર કોલેજ સામે, રાજકોટ. ૩૮૦ ૦૦૧. સંપર્ક : ૯૯૭૯૯૦૮૩૨૨. કિંમત રૂપિયા ૮૮ .૦૦

o કેકારવ



સુરેશ દલાલ ખૂબ જ સારા વક્તા હતા. તેમના વક્તવ્યમાં રહેલું ચુંબકત્વ શ્રોતાને જકડી રાખતું હતું.
આ વખતે તેમનાં કેટલાક વકતવ્યોને માણીએ :

O અસ્મિતાપર્વ -૧૯૯૮મા સુરેશ દલાલના વકતવ્યો સાંભળવા માટેની લિંક -

1 http://youtu.be/2_Q5RO9heb0 તથા http://youtu.be/YjJhkLjo2DY

2 http://youtu.be/B_aiTMz4yRQ

O ગુજરાત સમાચાર અને સમન્વય સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૫માં શરુ કરાયેલ કાવ્ય-સંગીત સમારોહના પ્રથમ દિવસે સુરેશ દલાલે આપેલ વક્તવ્ય સાંભળવા માટેની લિંક -

http://youtu.be/eA26CgE5asg

- સાહિત્યવૃત્ત –

O ‘કલાવિમર્શ’-અસાઈત સાહિત્યસભા દ્વારા શરૂ થયેલ સઘળી લલિતકલાઓને સ્પર્શતા ત્રિમાસિકના દ્વિતીય અંકનો લોકાર્પણ સમારોહ ૨૭/૧૦/૧૨ ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ –અમદાવાદ ખાતે યોજાયો. ઉપસ્થિતિ-ડૉ.ચિનુ મોદી, ઉપેન્દ્ર ત્રિવેદી, વારિસ હુસેન અલવી, અમર ભટ્ટ, વિરાજ ભટ્ટ, નિમેષ દેસાઈ. કાર્યક્રમનું આયોજન –વિનાયક રાવલ. સંચાલન- શૈલેષ પંડ્યા’ભીનાશ’

O શ્રી સાંઈલીલા વેલ્ફેર ટ્રસ્ટના ઉપક્રમે યોજાતી ‘ઝરૂખો’ નામે સાહિત્યિક સાંજ અંતર્ગત તા.૧/૯/૨૦૧૨ના રોજ બોરીવલી,મુંબઈ ખાતે કવિ સુરેશ દલાલને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ યોજાયો.જેમાં કવિઓ હિતેન આનંદપરા,સંદિપ ભાટિયા,રાજેન બ્રહ્મભટ્ટ, સંજય પંડ્યાએ સુરેશભાઈને તેમની રચનાઓ દ્વારા સંભાર્યા. નાટ્યજગતના કલાકારો રાજુલ દીવાન,અલ્પના બુચ તથા સતીશ વ્યાસ અને બાળકો સૌમ્ય આનંદપરા, માનુષી,શ્લોક તેમજ વકીલ શૈલેષ શેઠ દ્વારા સુરેશભાઈની રચનાઓનું ભાવવાહી પઠન થયું.બાળકલાકાર અંતરા વૈદ્યે સુરેશભાઈની રચનાઓને સંગીતે મઢીને રજૂ કરી.

O અસાઈત સાહિત્યસભા ,મહેસાણા દ્વારા તા.૧૫/૯/૨૦૧૨ના રોજ મહેસાણા જિલ્લા મધ્યસ્થ જેલમાં કવિ શૈલેશ પંડ્યા’ભીનાશ’ તથા કવિ કનૈયાલાલ બરોટનું કાવ્યપઠન યોજાયું.


O મહેસાણા ખાતે તા.૧૫/૯/૨૦૧૨ના રોજ ડૉ.ચિનુ મોદી રૂપાંતરિત,‘બારી’ નાટક નિમેષ દેસાઈના દિગ્દર્શનમાં ભજવાયું.

O તા .૧૯/૯/૨૦૧૨ના રોજ મહેસાણા ખાતે ‘મનમાં જોયું મબલખ જોયું’ નામક જૂની રંગભૂમિનાં ગીતોનો સુંદર કાર્યક્રમ કોરસ ગ્રુપ-અમદાવાદ દ્વારા યોજાયો. નિર્માણ- નિમેષ દેસાઈ.

O સાર્વજનિક વિદ્યાસંકુલ, મહેસાણા ખાતે તા.૨૨/૯/૨૦૧૨ના રોજ ‘સર્જક સાથે સાંજ’ અંતર્ગત કવિ ડૉ.રશીદ મીર, દિનેશ ડાંગરે તથા સુરેશ પરમારનું કાવ્યપઠન વિનાયક રાવલના સંચાલનમાં યોજાયું.

(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા ‘નિસ્યન્દન’ ઉત્સુક છે.)

આપણી સાહિત્ય ધરોહર



બળવંતરાય કલ્યાણરાવ ઠાકોર, 'વલ્કલ ', 'સેહેની ' (૨૩-૧૦-૧૮૬૯, ૨-૧-૧૯૫૨) કવિ, વિવેચક. જન્મ ભરૂચમાં. ૧૮૮૩માં મેટ્રિક. ૧૮૮૯માં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો સાથે સ્નાતક. ૧૮૯૧માં પૂના ડેક્કન કૉલેજમાં એમ.એ.ના અભ્યાસ માટે જોડાયા અને ૧૮૯૨માં ત્યાં ફેલો નિમાયા. ૧૮૯૩માં એમ.એ. થયા વગર જ કૉલેજ છોડી. ૧૮૯૫માં કરાંચીની ડી.જે.સિંધ આર્ટસ કૉલેજમાં ઇતિહાસ, લૉજિક અને મોરલ ફિલોસોફીના કામચલાઉ અધ્યાપક. ૧૮૯૬માં બરોડા કૉલેજમાં અંગ્રેજી સાહિત્ય, લૉજિક અને ફિલોસોફીના કામચલાઉ અધ્યાપક. એ જ વર્ષે અજમેરની સરકારી કૉલેજમાં ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના અધ્યાપક. ૧૮૯૯માં પૂનાની ડેક્કન કૉલેજમાં કામચલાઉ પ્રાધ્યાપકપદે નિયુક્તિ. ૧૯૦૨માં પુનઃ અજમેરમાં અધ્યાપક અને ઉપાચાર્ય બન્યા. ૧૯૧૪માં પૂનાની ડેક્કન કૉલેજમાં કાયમી અધ્યાપક તરીકે નિયુક્ત. ૧૯૨૪માં નિવૃત્ત થયા, પણ ૧૯૨૭ સુધી પૂના રહ્યા. ૧૯૨૮થી ૧૯૩૭ સુધી વડોદરા અને ૧૯૩૭થી આયુષ્યના અંત સુધી મુંબઈ રહ્યા.

બ.ક. ઠાકોરની કાવ્યરીતિનો દીર્ઘકાલીન પ્રભાવ એમની પછીની પેઢીએ ઝીલ્યો છે. નવી વિભાવના, સોનેટનું નવું સ્વરૂપ, લાગણીને સ્થાને વિચાર, સરલતાની સામે અર્થઘનતા, પ્રાસબંધ અને શ્લોકબંધની સાથે પ્રસરી જતી પંક્તિઓની પ્રવાહિતા – આ સર્વ પ્રવેશ પામ્યા. ગુજરાતીમાં પ્રાસહીન પદ્ય (બ્લેન્ક વર્સ)ની નિકટ જવા એમણે અગેય પૃથ્વી છંદ યોજ્યો. માત્ર સર્જન દ્વારા જ નહીં, પરંતુ 'શુદ્ધ (અગેય) પદ્ય', 'કવિતાશિક્ષણ' તથા 'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો' જેવાં વિવેચનો કરીને તેમણે વિચારઘન કવિતાને પ્રજા સુધી પહોંચાડવાનો અથાક પુરુષાર્થ કર્યો છે.

એમના કાવ્યસંગ્રહો છે - 'ભણકાર' ધારા પહેલી (૧૯૧૮), 'ભણકાર' ધારા બીજી (૧૯૨૮), 'મ્હારાં સૉનેટ' (૧૯૩૫)- અને સમગ્ર કવિતા સંગ્રહ 'ભણકાર' (૧૯૪૨) . એમનું વિવેચન 'કવિતા શિક્ષણ' (૧૯૨૪), 'લિરિક' (૧૯૨૮), 'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો' (૧૯૪૩), 'વિવિધ વ્યાખ્યાનો' : ગુચ્છ પહેલો (૧૯૪૫), ગુચ્છ બીજો (૧૯૪૮), ગુચ્છ ત્રીજો (૧૯૫૬), 'ભણકારઃપદ વિવરણ' (૧૯૫૧), 'પ્રવેશકો' : ગુચ્છ પહેલો (૧૯૫૯), ગુચ્છ બીજો (૧૯૬૧) વગેરેમાં સંગ્રહીત.

એમની અન્ય મુખ્ય કૃતિઓ છે. - 'દર્શનિયું' (૧૯૨૪) એમનો મૌલિક અને અનૂદિત વાર્તાઓનો સંગ્રહ. એમણે લખેલાં બે નાટકો - 'ઊગતી જુવાની' (૧૯૨૩) અને 'લગ્નમાં બ્રહ્મચર્ય અથવા સંયોગે વિયોગ' (૧૯૨૮) અને ગુજરાતના અલ્પ ડાયરીસાહિત્યમાં ધ્યાનપાત્ર એમની ડાયરી ' બ. ક. ઠાકોરની દીન્કી '-ભાગ.૧ : વર્ષ ૧૮૮૮ (૧૯૬૯) અને ભાગ.૨ : વર્ષ ૧૮૮૯ થી ૧૯૦૦ (૧૯૭૬)